અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૬ | ૧૫ ઓક્ટોબર, ૨૦૨૦, ગુરૂવાર; અ. આસો વદ - ૧૩/૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૭૫ |
| અમદાવાદ | ૧૮૨ |
| ગાંધીનગર | ૩૮ |

# હૈદરાબાદમાં મેઘતાંડવ : જનજીવન અસ્તવ્યસ્ત

## હૈદરાબાદમાં દીવાલ ઘસી પડતા નવજાત શિશુ સહિત નવનાં મોત : નીંચાણવાળા વિસ્તારો થયા જળમગ્ન : ઘટના મંગળવારે મોડી રાતે જૂના શહેર ચંદ્રમુત્તા પોલીસ સ્ટેશન હદમાં મોહમ્મદિયા હિલ્સ વિસ્તારમાં બની, એક દીવાલ ૧૦ ઘરો ઉપર તૂટી પડી







હૈદરાબાદ,તા.૧૪

હૈદરાબાદમાં ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. વરસાદના પગલે મોટો અકસ્માત સર્જાયો છે. બદલાગુડામાં દીવાલ ધસી પડતા ૨ મહિનાના બાળક સહિત ૯ લોકોના મૃત્યુ થયા છે. આ ઘટના મંગળવારે મોડી રાતે જૂના શહેર ચંદ્રમુત્તા પોલીસ સ્ટેશન હદમાં મોહમ્મદિયા હિલ્સ વિસ્તારમાં ઘટી. એક દીવાલ ૧૦ ઘરો ઉપર તૂટી પડી. અકસ્માત બાદ ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એસડીઆરએફ, અને પોલીસના અધિકારીઓ મોડી રાતે ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં અને રાહત તથા બચાવકાર્ય શરૂ કર્યુ હતું. ત્યારબાદ કાટમાળમાં ફસાયેલા ૯ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા. અકસ્માત બાદ હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. હૈદરાબાદમાં ભારે વરસાદે ખુબ કેર વર્તાવ્યો, અનેક વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૨૫ સેન્ટીમીટર વરસાદ નોંધાયો છે. વરસાદ બાદ ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ગાડીઓ પણ પાણીના વહેણમાં વહી જવા માડી. રસ્તાઓ પર નાળાની જેમ પાણી વહેવાના કારણે લોકો ઘરોમાં કેદ થઈ ગયા અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વરસાદ બાદ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ઘરોની અંદર પાણી ભરાઈ ગયા અને સ્થાનિક લોકોની મદદ માટે એસડીઆરએફ અને ફાયર વિભાગની ટીમો કામે લાગી છે. એસડીઆરએફની ટીમ શહેરમાં ઘૂમી ઘૂમીને લોકોને રેસ્ક્યુ કરવામાં લાગી છે. મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે જિલ્લા પ્રશાસનને સતર્ક રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે અને પૂરના હાલાત પર રિપોર્ટ માંગ્યો છે. હૈદરાબાદના અનેક વિસ્તારોમાં સતત વરસાદને કારણ અત્યાર સુધી ૧૧ લોકોનાં મોત નિપજ્યા છે. તેમાં ૯ લોકોનાં મોત બદલાગુડાના મોહમ્મદિયા હિલ્સમાં દિવાલ પડવાને કારણે થયા છે. રસ્તાઓ પર પાણી ભરા ગયા છે અને નીંચાણવાળા વિસ્તારો સમગ્ર રીતે જળમગ્ન થઈ ગયા છે. વરસાદે રાજય સરકારના તમામ દાવાઓની પોલ ખોલી દીધી છે. આ પહેલા હૈદરાબાદમાં ભારે વરસાદને કારણે રવિવારે પણ એક જૂના ઘરનો કેટલોક હિસ્સો ધરાશાયી થઈ જવાના કારણે બે મહિલાઓનાં મોત થયા હતા અને પાંચ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બપોરે લગભગ ૧૨:૧૦ વાગ્યે હુસૈનીઆલમમાં

● અનુસંધાન પાન-૭ પર

# સરકાર દેશવાસીઓની દિવાળી સુધારે : સુપ્રીમ

## મોરટોરિયમ સુવિધાનો લાભ લેનારાએ ૧૫મી નવેમ્બર ૨૦૨૦ સુધી વ્યાજ પર વ્યાજ નહીં ચૂકવવું પડે : સામાન્યજનને રાહત આપતો સુપ્રીમનો ચુકાદો

નવી દિલ્હી, તા. ૧૪

સુપ્રીમ કોર્ટે લોન મોરેટોરિયમ મામલે સામાન્ય લોકોને મોટી રાહત આપી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે મોરટોરિયમ સુવિધાનો લાભ લેનારા લોકોને ૧૫ નવેમ્બર ૨૦૨૦ સુધી વ્યાજ પર વ્યાજ નહીં ચૂકવવું પડે. આ સાથે એમ પણ કહ્યું કે કોઈપણ લોન એકાઉન્ટને ૧૫ નવેમ્બર સુધી નોન-પરફોર્મિંગ એસેટ તરીકે જાહેર કરી શકાશે નહીં. કારણે કે અમે આને પ્રતિબંધિત કરી રહ્યા છીએ. આ પહેલા સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તુત સોલિસીટર જનરલ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને બેંકોના વકીલ હરીશ સાલ્વેએ આ મામલે સુનાવણી ટાળવા વિનંતી કરી હતી. એ પછી કેસની સુનાવણી ૨ નવેમ્બર સુધી મોકૂફ રાખવામાં આવી છે. મીડિયા રિપોર્ટ મુજબ સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે વ્યાજ પર વ્યાજ માફી સ્કીમને તાત્કાલિક ધોરણે લાગૂ કરવી જોઈએ. આ માટે કેન્દ્રને એક મહિનાની મુદત શું કામ જોઈએ? કોર્ટે કહ્યું કે જો સરકાર આ અંગે નિર્ણય લઈ લે તો અમે તરત જ આદેશ આપી દઈશું.

આ સાથે સુપ્રીમ કોર્ટે સરકારને નિર્દેશ આપ્યા કે વ્યાજ પર વ્યાજ માફી સ્કીમને લઈ ૨ નવેમ્બર સુધી સર્કુલર લાવે. જેના પર સોલિસિટર જનરલે કહ્યું કે સરકાર ૨ નવેમ્બર સુધી વ્યાજ પર વ્યાજ માફી સ્કીમને લઈ સર્કુલર જાહેર કરી દેશે. કોરોના મહામારીના કારણે આખા દેશમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. તેથી ઉદ્યોગો સંપૂર્ણ રીતે બંધ થતા ઉદ્યોગપતિઓ અને કંપનીઓ માટે મુશ્કેલીઓ ઉભી થઈ હતી. કેટલાક લોકોએ નોકરી પણ ગુમાવી હતી. આ પરિસ્થિતિઓમાં લોનના હપ્તાની ચુકવણી મુશ્કેલ બની હતી. તેથી આવી સ્થિતિને જોતા ઈમ્એ લોન મોરટોરિયમની સુવિધા આપી હતી. એટલે કે, લોનની હપ્તા મુલતવી રાખવામાં આવી હતી. કોઈ લોન પર મોરેટોરિયમનો લાભ લઈ હપ્તાની ચુકવણી નહીં કરી તો તે સમયગાળા માટેનું વ્યાજ મૂળમાં ઉમેરવામાં આવશે.

# ફિલ્મ ડાયરેક્ટર દિનેશના ઘર અને ઓફિસ પર ઈડીના દરોડા

## સુશાંત આત્મહત્યા કેસમાં ઈડીએ રેડ પાડી : દિનેશ વિજાને સુશાંતસિંહ સાથે બે પ્રોજેક્ટની ડીલ સાઈન કરી હતી પરંતુ રાબતા પછી બીજો પ્રોજેક્ટ શરૂ ના થયો



મુંબઈ,તા.૧૪

બોલિવુડ ફિલ્મમેકર દિનેશ વિજાનની ૧૫ સપ્ટેમ્બરના રોજ લગભગ ૮ કલાક સુધી ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. હવે લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે, ઈડીની ટીમે દિનેશ વિજાનના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા છે. સુશાંત સિંહ રાજપૂતના મોત કેસમાં તપાસ ચલાવી રહેલી ઈડીની ટીમે આજે દિનેશ વિજાનના ઘર અને ઓફિસ પર રેડ પાડી છે. રિપોર્ટ મુજબ, ઈડીની ટીમ હાલ દિનેશ વિજાનના મુંબઈ સ્થિત ઘરે તપાસ કરી રહી છે. રિપોર્ટ પ્રમાણે, દિનેશ વિજાને સુશાંત સાથે બે પ્રોજેક્ટની ડીલ સાઈન કરી હતી પરંતુ 'રાબતા' પછી બીજી પ્રોજેક્ટ શરૂ જ ના થયો. ત્યારે હવે, ઈડીની ટીમ સુશાંત સાથેના બીજા કોન્ટ્રાક્ટ અને તે પ્રોજેક્ટ સાથે જોડાયેલી આર્થિક બાબતોની માહિતી મેળવવા મથી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ, દિનેશ વિજાને સુશાંતને ૨૦૧૬માં પેમેન્ટ આપ્યું હતું. આ અંગે ઈડીએ દિનેશ વિજાનની પૂછપરછ પણ કરી હતી. જણાવી દઈએ કે, ૯ જૂન ૨૦૧૭ના રોજ દિનેશ વિજાનની ફિલ્મ રાબતા રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં સુશાંત અને ક્રિતી સેનન લીડ રોલમાં હતા. પુનર્જન્મના એંગલવાળી આ ફિલ્મની રિલીઝ પહેલા ખૂબ ચર્ચા હતી. પરંતુ રિલીઝ થયા બાદ બોક્સઓફિસ પર ફ્લોપ રહી હતી. સુશાંત સિંહ રાજપૂત અને ક્રિતી સેનને પહેલીવાર ફિલ્મમાં સાથે કામ કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મની લોન્ડ્રિંગના એંગલથી સુશાંત કેસમાં તપાસ ચલાવી રહેલી ઈડીને હજી સુધી કોઈ શંકાસ્પદ લેવડ-દેવડ મળી નથી. સુશાંતના પરિવારના આરોપ મુજબના કોઈ આર્થિક વ્યવહારો

● અનુસંધાન પાન-૭ પર

# ૧૪ મહિના બાદ મહેબુબા મુફ્તિની નજરબંદી હટાવાઈ

## પુત્રી ઈલ્તિજાએ ટ્વિટ કરીને જાણકારી આપી : હું તે બધાને ધન્યવાદ આપવા માગું છું જેમણે આ મુશ્કેલ સમયમાં મારું સમર્થન કર્યું છે : પીડીપી પ્રમુખ મહેબુબા



શ્રીનગર,તા.૧૪

જમ્મુ કાશ્મીરના પીપુલ્સ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ મહેબુબા મુફ્તિને ૧૪ મહિના નજરબંદ રાખ્યા પછી છોડવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીર પ્રશાસનના પ્રવક્તા રોહિત કંસલે મંગળવારે આ જાણકારી આપી હતી. મહેબુબાની ગત વર્ષે ૫ ઓગસ્ટે જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા પછી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યાના એક દિવસ પહેલા અટકાયત કરી હતી. છુટકારા પછી મહેબુબા મુફ્તિના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટથી તેમની પુત્રી ઈલ્તિજા મુફ્તિએ ટ્વિટ કર્યું હતું કે જેમ કે શ્રીમતી મુફ્તિની અવૈધ અટકાયત સમાપ્ત થઈ ગઈ છે. હું તે બધાને ધન્યવાદ આપવા માંગું છું જેમણે આ મુશ્કેલ સમયમાં મારું સમર્થન કર્યું છે. હવે હુ ઈલ્તિજા તમારાથી વિદાય લઉ છું.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં ૨૫૦ પાકિસ્તાની આતંકીઓ ઘૂસવાની ફિરાકમાં

## વજ ડિવિઝનના જીઓસી મેજર જનરલનો દાવો : શિયાળાની ઠંડીનો લાભ લેવા ઘૂસણખોરો આતુર, હિમવર્ષા શરૂ થતા જ પાક.માં આતંકી ફેક્ટરીઓ શરૂ થઈ જાય છે



નવી દિલ્હી, તા. ૧૪

પાકિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકી પ્રવૃતિ માટે કરવામાં આવે છે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. ઠંડી પહેલાં કાશ્મીર ખીણમાં આતંકી ઘુષણખોરીનું મોટું ષડયંત્ર સામે આવ્યું છે. જણાવવામાં આવી રહ્યું છે કે, સીમા પારથી ૨૫૦ આતંકીઓ ઘુષણખોરીની ફિરાકમાં બેઠા છે. આ ખુલાસો અન્ય કોઈ નહીં, પણ ભારતીય સેનાના વજ ડિવિઝનના જીઓસી મેજર જનરલ અમરદીપ સિંહ ઔઝલાએ કર્યો છે.

કાશ્મીર ખીણમાં બરફવર્ષાને કારણે સીમા પાર પાકિસ્તાનમાં રહેલી આતંકી ફેક્ટરી એક્ટિવ થઈ જાય છે. અને આતંકીઓના આકા ઠંડી અને બરફવર્ષાનો ફાયદો ઉઠાવીને લગભગ ૨૫૦ આતંકીઓ ભારતમાં ઘુષણખોરી કરવા માગે છે. સેનાના ગુપ્ત રિપોર્ટમાં આતંકીઓના આ પ્લાનનો ખુલાસો થયો છે.

પાકિસ્તાન હાલમાં સતત એલઓસી પર સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે અને આ વર્ષે સીઝફાયરની અનેક ઘટનાઓ સામે આવી ચૂકી છે. સીઝફાયરની આડમાં પાકિસ્તાની સેના આતંકીઓનો સાથ આપી રહી છે, કે જેને કારણે તેઓ સરળતાથી ભારતીય સીમામાં ઘૂસી શકે. જો કે, સરકારે સેનાની મદદ માટે બોર્ડર પર સેંસર લગાવી દીધા છે, જેને કારણે સરળતાથી આતંકીઓની ઘૂષણખોરીને નાકામ કરવામાં આવી શકે.

સેનાએ છેલ્લા ૬ દિવસમાં ૧૦ આતંકીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. એટલું જ નહીં, સેનાએ કાશ્મીર ખીણમાં સર્ચ ઓપરેશન પણ તેજ કરી દીધું છે. ખીણના ૯ જિલ્લાઓમાંથી આતંકીઓનો સફાયો થઈ ચૂક્યો છે. અને હવે સાઉથ કાશ્મીરમાં આતંકીઓનું નિશાન મિટાવવા માટે સેના કામે લાગી છે. વર્ષ ૨૦૨૦માં કાશ્મીર ખીણમાં ૭૫ સફળ ઓપરેશન કરીને ૧૮૦થી વધારે આતંકીઓને ઠાર મરાયા છે.

## છેલ્લે... છેલ્લે...

- અફઘાનિસ્તાનમાં વાયુસેનાના બે હેલિકોપ્ટર ટકરાતા ૧૫ના મૃત્યુ
- શરદ યાદવના પુત્રી સુભાષીની યાદવ કોંગ્રેસમાં જોડાયા.
- વડોદરાની સેન્ટ્રલ જેલમાં કુખ્યાત ખંડણીખોર અંજુ કાણિયાની કરપીણી હત્યા
- રાજસ્થાનમાં ફટાકડાનું વેચાણ અને આતશબાજી પર પ્રતિબંધ
- ભારતીય રેલવેમાં હડતાલના એંધાણ - બોનસ સંદર્ભે કર્મચારી સંગઠનો દ્વારા એલાન
- ગુજરાત ઈન્કમટેક્ષના ચીફ કમિશનર દેબાશિષ રોય ચૌધરી કોરોનાથી સંક્રમિત

# દેશમાં કોરોના સંક્રમણનો આંક ૭૨ લાખને પાર

## ૨૪ કલાકમાં ૬૩,૫૦૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશમાં કોરોના સંક્રમણ લોકોનો આંક ૭૨ લાખને પાર પહોંચી થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૧.૧૦ લાખને પાર પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૩,૫૦૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૭૩૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૭૨,૩૯,૩૯૦ થઈ ગઈ છે.

ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૬૩ લાખ ૧ હજાર ૯૨૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૨૬,૮૭૬ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૦,૫૮૬ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૩ ઓક્ટોબર સુધીમાં ભારતમાં કુલ ૯,૦૦,૯૦,૧૨૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. મંગળવારના ૨૪ કલાકમાં ૧૧,૪૫,૦૧૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બીજી તરફ ગુજરાતમાં ૧૩મી ઓક્ટોબરે કોરોના વાયરસના ૧૧૬૯ નવા કેસ પોઝિટિવ નોંધાયા છે.




